

સૌનો સાથ....
સૌનો વિકાસ.....


ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.
ગાંધીનગર
(ગુજરાત સરકારનું એકમ)

બ્લોક નં.૮, આઠમે માળ, ઉદ્યોગભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન નં.: ૦૭૯-૨૩૨૩૦૭૧૩




# જનરલ તાલીમ યોજના

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.
ગાંધીનગર
(ગુજરાત સરકારનું એકમ)

# જનરલ તાલીમ યોજના

જરૂરીયાતમંદ મહિલાઓને આર્થિક પ્રવૃત્તિઓ અને કૌશલ્યવર્ધનની તાલીમ આ યોજનામાં આપવામાં આવે છે.

વાર્ષિક રૂા.૩૬૦૦૦-૦૦ થી ઓછી આવક અને ૧૮ વર્ષથી ઉપર અને ૩૫ વર્ષ સુધીની વય મર્યાદા ધરાવતી મહિલાઓ આ યોજનામાં જોડાઈ શકે છે.

કૌશલ્ય વર્ધન કેન્દ્રો, આઈ.ટી.આઈ, ઉમ્મીદ વગેરે દ્વારા સ્થાનિક લેવલે જુદા જુદા ટ્રેડની તાલીમ આપવામાં આવે છે તેમજ તાલીમના અંતે લાભાર્થીને સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે.



## જનરલ તાલીમ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ ટ્રેડ

- કોમ્પ્યુટર ઓપરેટર
- ડેટા એન્ટ્રી ઓપરેટર
- એપરલ પાર્ક
- સિવણ
- એમ્બ્રોઈડરી
- રેડીમેઈડ ગારમેન્ટ
- ઈલેક્ટ્રીક સાધનો રીપેરીંગ
- ભરત ગુંથણ
- મોટર ડ્રાઈવિંગ
- બ્યુટી પાર્લર
- મોબાઈલ રીપેરીંગ
- ખાટલી ભરત
- જરદોસી
- મોતીકામ



નિગમ દ્વારા છેલ્લા દસ વર્ષમાં વિવિધ સંસ્થાઓ દ્વારા ૫૦,૦૦૦ કરતાં વધુ લાભાર્થીઓને વિવિધ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવેલ છે.

**ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.**

મહીલા વિકાસનું સાચું સરનામું

ગુજરાત રાજ્યની મહિલાઓને તમામ ક્ષેત્રમાં પુરતી સંખ્યામાં પ્રતિનિધિત્વ મળે અને સમાજનું આર્થિક પાસુ ઉજ્જવળ અને સમૃદ્ધ બને તે અર્થે મહિલાઓના કલ્યાણની અનેકવિધ યોજનાઓ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના એક ભાગરૂપે સને ૧૯૮૧માં મહિલાઓનાં આર્થિક વિકાસ અંગેના વિવિધ કાર્યક્રમો અમલમાં મુકવાનાં મુખ્ય ઉદ્દેશથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે.

નિગમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ માટે આર્થિક પ્રવૃત્તિના આયોજન દ્વારા આવક અને રોજગારીના ક્ષેત્રમાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી ઉત્તેજન આપી રાજ્યની વિકાસ યાત્રામાં સહભાગી બનાવવાનો છે. આ ઉદ્દેશને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે યોગ્ય જણાય તેવી આર્થિક પ્રવૃતિઓના ક્ષેત્રની મોજણી, મુલ્યાંકન અને દિશા સુચન કરવા, સાથે સાથે સમાજ જીવનમાં નવી ચેતના પ્રગટે તેવા પ્રયત્ન હાથ ધરવામાં આવે છે. મહિલાઓના ઉત્પાદનલક્ષી વ્યવસાયોમાં ઉત્પાદકતા સુધારવા માટે આ ક્ષેત્રની જુદી જુદી સંસ્થાઓ સાથે સંકલન કરવા માટે અદ્યતન ટેકનોલોજીનો વિકાસ કરવામાં સહાયભૂત થવું. બજારની માહિતી, સર્વે, પ્રસિદ્ધિ, સલાહ, માર્ગદર્શન તેમજ મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજોના વેચાણ માટે કોશિશ કરવી. દિન-પ્રતિદિન બદલાતી જતી સામાજીક પરિસ્થિતિમાં લોકોની જરૂરિયાત અનુસારના વ્યવસાયો, ઉદ્યોગો માટે આઈ.ટી.આઈ., કૌશલ્યવર્ધન કેન્દ્રો, અને "ઉમ્મીદ" માં જોડાયેલ સંસ્થાઓના સહયોગથી તાલીમની વ્યવસ્થા ઊભી કરવી તથા મહિલાઓના સર્વાંગી વિકાસ માટે મદદરૂપ થવું તે નિગમનો મુળભૂત ઉદ્દેશ છે.